સમાવેશના હીસાબો = સંયોજન ખરીદી સ્વરૂપનું

Q.1 Solve the following: (2 to 3 marks questions.)

૧. ગજાનન લિ.ના મૂડીમાળખા પરથી નીચે મુજબની માહિતી મળી છે :

(૧) ૮૦,૦૦૦ ઈક્વિટી શેર્સ દરેક રૂ. ૧૦ના પૂરા ભરપાઈ.

(૨) ૨૦,૦૦૦ ૮%ના પ્રેફરન્સ શૅર્સ દરેક રૂ. ૧૦૦ના પૂરા ભરપાઈ.

(૩) ૫,૦૦૦ ૧૨%ના ડિબેન્ચર્સ દરેક રૂ. ૧૦૦નો.

ઉપરાંત તેના લેણદારો અને દેવી હૂંડી અનુક્રમે રૂ. ૬,૦૦,૦૦૦ અને રૂ. ૫૦,૦૦૦ છે. ગણેશ લિમિટેડે ગજાનન લિમિટેડને પોતાનામાં સમાવી લીધી. ખરીદ કિંમત નીચે મુજબ ચુકવવામાં આવી :

(અ) ડિબેન્ચર્સને ૧૦% પ્રીમિયમે આપવા.

(બ) દરેક રૂ. ૫૦નો એક એવા ૧૦%ના પ્રેફરન્સ શૅર તેટલી જ સંખ્યામાં આપવા.

(ક) ગજાનન લિ.ના દરેક ૪ ઈક્વિટી શેરના બદલામાં નવી કંપનીના રૂ. ૧૦નો એક એવા ૨ ઈક્વિટી શેર આપવા. ખરીદ કિંમતની ગણતરી કરો.

૨. X કંપનીની ચોખ્ખી મિલકતો રૂ.૪,૦૦,૦૦૦ ખરીદ કિંમત તરીકે હોય અને સમાવેશ વખતે ખરીદનાર કંપનીએ ૩૦,૦૦૦ ઈક્વિટી શેર દરેક રૂ.૧૦નો ૧૦% પ્રીમિયમે આપેલ હોય તો બાકીની રોકડ રકમ શોધો.

૩. સ્ટ્રોગ લિ.વિક લિ.ને પોતાનામાં સમાવી લેવાનું નક્કી કર્યું. સ્ટ્રોગ લિ. અને વિક લિ.ની ચોખ્ખી મિલકતો અનુક્રમે રૂ.૩,૦૦,૦૦૦ અને રૂ.૧,૮૦,૦૦૦ છે.બંને કંપનીના શેરની સંખ્યા અનુક્રમે ૧૫,૦૦૦ અને ૧૨,૦૦૦ છે. શેર ફેરબદલીનું પ્રમાણ શોધો.

૪. રામ લિ. શ્યામ લિ.ને નીચેની શરતોએ પોતાનામાં સમાવી લેવાનું નક્કી કર્યું:

અ. રામ લિ. મિલકતો રૂ.૧,૬૦,૦૦૦. પાઘડીની કિંમત રૂ.૫૦,૦૦૦

બ. રામ લિ.ના દેવાં રૂ.૬૦,૦૦૦

ક. રામ લિ.ના શેરહોલ્ડરોને રૂ.૨૦,૦૦૦ રોકડા ચુકવ્યા.

ડ. બાકીની ખરીદ કિંમત રૂ.૧૦ની દાર્શનિક કિંમતના શેર રૂ.૨૦ની કિંમતે આપી ચૂકવી. શ્યામ લિ. ચૂકવેલ ખરીદ કિંમતની ગણતરી કરો.

૫. વેચનાર કંપનીના શેરની આંતરિક કિંમત રૂ.૨૫૦ છે અને ખરીદનાર કંપનીના શેરની આંતરિક કિંમત રૂ.૪૦૦ છે. શેરની આંતરિક કિંમતના પ્રમાણે શેર ફેરબદલીનું પ્રમાણ શોધો.

૬. નીચેની માહિતી પરથી પુનઃરચનાનું ખાતું તૈયાર કરો :

(1) જુની કંપનીના પાકા સરવૈયા મુજબની બાકીઓ :

(i) નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી ₹ 20,000

(ii) 12%ની પ્રેફરન્સ શેરમૂડી ₹ 1,75,000

(iii) દેવી હૂંડીઓ ₹ 15,000

(2) દેવી હૂંડીઓ નવી કંપનીએ લીધેલ નથી. દેવી હૂંડી ચૂકતેનાં હિસાબે 90% રકમ ચૂકવી.

(3) માલમિલકત નિકાલ ખાતાનો નફો રૂ. 22,000.

પ્રશ્ન:૨ નીચેના દાખલા ગણો.

૧. તા.૩૧-૦૩-૨૦૨૫ ના રોજના શિવા લિ. અને પાર્વતી લિ.નું પાકું સરવૈયું નીચે મુજબ છે:

| વિગત | નોંધ | શિવા | પાર્વતી |
|---|---|---|---|
| I . ઈક્વિટી અને દેવા | | | |
| ૧. શેરહોલ્ડરોના ભંડોળ | | | |
| અ. શેર મૂડી | | | |
| રૂ.૨૦૦નો એક એવા ઈક્વિટી શેર, શેર દીઠ રૂ.૧૫૦ ભરપાઈ | | 15,00,000 (૧૦,૦૦૦) | ------ |
| રૂ.૧૦૦નો એક એવા ઈક્વિટી શેર, શેર દીઠ રૂ.૮૦ ભરપાઈ | | ------- | 12,00,000 (૧૫,૦૦૦) |
| બ. અનામત અને વધારો | | | |
| સામાન્ય અનામત | | 2,00,000 | 1,50,000 |
| ૨. બિન ચાલુ દેવાં: અ. લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં | | | |
| ૬% ડિબેન્ચર્સ | | 1,00,000 | |
| ૩. ચાલુ દેવાં | | | |
| અ. વેપારી દેવાં – લેણદારો | | 70,000 | 80,000 |
| દેવી હુંડી | | 30,000 | 20,000 |
| કુલ | | 19,00,000 | 14,50,000 |
| II. મિલકતો | | | |
| 1.બિન ચાલુ મિલકતો | | | |
| અ . કાયમી મિલકતો – દ્રશ્ય મિલકતો | | 16,50,000 | 12,50,000 |
| 2.ચાલુ મિલકતો | | | |
| અ. માલસામ્રગી : સ્ટોક | | 1,00,000 | 1,00,000 |
| બ. વેપારી લેણાં – દેવાદારો | | 80,000 | 50,000 |
| લેણીહુંડીઓ | | 40,000 | 20,000 |
| ક. રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો– રોકડ બાકી | | 30,000 | 30,000 |
| કુલ | | 19,00,000 | 14,50,000 |

શિવ લિમિટેડની કાયમી મિલકતોમાં પેટન્ટ્સનો સમાવેશ છે. પેટન્ટ્સની કિંમત રૂ.૧,૦૦,૦૦૦ માંડીવાળવાની છે.

શિવ લિમિટેડનો ધંધો, પાર્વતી લિમિટેડે સમાવી લીધો. કરાર મુજબ શિવ લિમિટેડના ચાર શેર ધરાવનારને પાર્વતી લિમિટેડના સાત શેર આપવા અને બંને કંપનીઓના **શૅરની આંતરિક કિંમતને**આધારે ખૂટતી રકમ **રોકડમાં** ચૂકવવી.

શિવ લિમિટેડના દેવાદારોમાં, પાર્વતી લિમિટેડ પાસેનાં લેણાં રૂ. ૧૦,૦૦૦ સમાયેલ છે. પાર્વતી લિ.ની રૂ. ૧૫,૦૦૦ની દેવી હૂંડીઓ, શિવ લિમિટેડે લખી હતી. પાર્વતી લિમિટેડને ચોપડે ધંધાની ખરીદની નોંધો લખો અને પાકું સરવૈયું તૈયાર કરો.

૨. તા.૩૧-૦૩-૨૦૨૪ના રોજના નાઝિયા લિ. અને માહેરા લિ.ના પાકા સરવૈયા નીચે મુજબ છે:

| વિગત | નોંધ | નાઝિયા લિ. | માહેરા લિ. |
|---|---|---|---|
| I . ઈક્વિટી અને દેવા | | | |
| ૧. શેરહોલ્ડરોના ભંડોળ | | | |
| અ. શેર મૂડી | | | |
| ઈક્વિટી શેર દરેક રૂ.૧૦ | | 3,20,000 | 4,00,000 |
| બ. અનામત અને વધારો | | | |
| સામાન્ય અનામત | | 3,00,000 | 1,00,000 |
| નફા નુકસાન ખાતું | | 1,80,000 | 60,000 |
| ૨. બિન ચાલુ દેવાં: અ. લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં | | | |
| ૧૦% ડિબેન્ચર્સ | | 4,00,000 | 4,80,000 |
| ૩. ચાલુ દેવાં | | | |
| અ. વેપારી દેવાં – લેણદારો | | 1,00,000 | 2,00,000 |
| દેવી હુંડી | | 60,000 | 40,000 |
| કુલ | | 13,60,000 | 12,80,000 |
| I. મિલકતો | | | |
| ૧. બિન ચાલુ મિલકતો | | | |
| અ. કાયમી મિલકતો – પ્લાન્ટ અને યંત્રો<br>પાઘડી | | 6,00,000<br>1,00,000 | 5,00,000<br>2,00,000 |
| બ. બિન ચાલુ રોકાણો | | 1,24,000 | 1,00,000 |
| 2.ચાલુ મિલકતો | | | |
| અ. માલસામગ્રી : સ્ટોક | | 1,50,000 | 80,000 |
| બ. વેપારી લેણાં – દેવાદારો | | 2,00,000 | 2,50,000 |
| લેણીહુંડીઓ | | 76,000 | 70,000 |
| ક. રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો– રોકડ બાકી | | 1,10,000 | 80,000 |
| કુલ | | 1360,000 | 12,80,000 |

ઉપરની તારીખે નાઝીયા લિમિટેડે માહેરા લિમિટેડનો ધંધો પોતાનામાં સમાવી લેવા માટે કરાર કર્યો. આ કરાર અન્વયે એવું નક્કી કરવામાં આવ્યું કે બંને કંપનીના શૅરની આંતરિક કિંમત એકસરખી ગણીને જે રકમ થાય તેટલી રકમના શેરો નાઝીયા લિમિટેડે ખરીદ કિંમત પેટે માહેરા લિમિટેડને આપવા.

માહેરા લિમિટેડના શૅરની દાર્શનિક કિંમત રૂ. ૧૦ છે. જેના ઉપર શેરદીઠ રૂ. ૫ ભરપાઈ થયેલા છે. નાઝીયા લિમિટેડના શૅરની દાર્શનિક કિંમત રૂ. ૧૦ છે જેના ઉપર શેરદીઠ રૂ. ૪ ભરપાઈ થયેલા છે.

માહેરા લિમિટેડના સ્ટોકમાં રૂ. ૫,૦૦૦નો માલ જે નાઝીયા લિમિટેડ પાસેથી ખરીદેલો હતો તેનો સમાવેશ થાય છે. નાઝીયા લિમિટેડે વેચાણ કિંમત ઉપર ૨૦ ટકા ચઢાવીને આ માલ માહેરા લિમિટેડને વેચ્યો હતો.

ઉપરની માહિતીને આધારે તૈયાર કરોઃ (અ) માહેરા લિમિટેડના ધંધાની ખરીદી માટેની ખરીદકિંમત શોધો (બ) નાઝીયા લિમિટેડના ચોપડામાં જરૂરી આમનોંધો. (ક) માહેરા લિમિટેડના સમાવેશ પછીનું નાઝીયા લિમિટેડનું પાકું સરવૈયું.

3. તા.૩૧-૦૩-૨૦૨૫ ના રોજનું એમ લિ.નું પાકું સરવૈયું નીચે મુજબ છે:

| વિગત | નોંધ | રકમ |
|---|---|---|
| I. ઈક્વિટી અને દેવા | | |
| 1. શેરહોલ્ડરોના ભંડોળ | | |
| અ. શેર મૂડી | | |
| 5200,ઈક્વિટી શેર દરેક રૂ.૧૦૦નો પૂર્ણ ભરપાઈ | | 5,20,000 |
| 1600,૧૨%ના પ્રેફરન્સ શેર દરેક રૂ.૧૦૦નો પૂર્ણ ભરપાઈ | | 1,60,000 |
| બ. અનામત અને વધારો : નફા-નુકસાન ખાતું | | (2,48,400) |
| ૨. બિન ચાલુ દેવાં: અ. લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં | | |
| 12% ડિબેન્ચર્સ | | 1,20,000 |
| ૩. ચાલુ દેવાં | | |
| અ. વેપારી દેવાં – લેણદારો | | 1,80,000 |
| દેવી હુંડી | | 4,000 |
| કુલ | | 7,35,600 |
| II. Assets | | |
| 1.બિન ચાલુ મિલકતો | | |
| અ . કાયમી મિલકતો – દ્રશ્ય મિલકતો | | 68,000 |
| બ. અન્ય બિન ચાલુ મિલકતો: ડિબેન્ચર બહાર પાડવાનો ખર્ચ | | 6000 |
| ૨. ચાલુ મિલકતો | | |
| અ. માલસામગ્રી : સ્ટોક | | 5,76,000 |
| બ. વેપારી લેણાં – દેવાદારો | | 85,600 |
| કુલ | | 7,35,600 |

C લિમિટેડે નીચેની શરતોને આધીન M લિમિટેડને સમાવી લીધી:

૧) કાયમી મિલકતો ૧૦% ઘસારા બાદ કિંમતે, સ્ટૉક રૂ. ૫,૪૯,૪૮૦ અને દેવાદારો પત્ર ચાલખાધ અનામતને આધીન ગણવા.
૨) ૧૨%નાં ડિબેન્ચર્સ લઈ લીધાં.
૩) ખરીદ કિંમતના અવેજ પેટે C લિમિટેડના દરેક રૂ. ૧૦નો એક એવા ૧૬,૦૦૦ ઈક્વિટી શેર, દરેક રૂ. ૧૨ લેખે ફાળવવા અને બાકીના રોકડા ચૂકવ્યા.
૪) પ્રેફરન્સ શૅર ઉપર ૩ વર્ષનું ડિવિડન્ડ ચૂકવવાનું બાકી છે. M લિમિટેડના પ્રેફરન્સ શૅરહોલ્ડરો પોતાના સંપૂર્ણ દાવા પેટે રૂ. ૧,૪૪,૦૦૦ સ્વીકારવા સંમત થયા છે. M લિમિટેડનાં ખાતાંઓ બંધ કરો.

૪. તા.૩૧-૦૩-૨૦૨૫ ના રોજના પી લિ. અને વી લિ.ના પાકા સરવૈયા નીચે મુજબ છે:

| વિગત | નોંધ | પી લિ. | વી લિ. |
|---|---|---|---|
| I . ઈક્વિટી અને દેવા | | | |
| ૧. શેરહોલ્ડરોના ભંડોળ | | | |
| અ. શેર મૂડી | | | |
| ઈક્વિટી શેર દરેક રૂ.૧૦ | | 9,00,000 | 3,00,000 |
| 12%પ્રેફરન્સ દરેક રૂ.૧૦૦ | | 5,00,000 | 1,00,000 |
| બ. અનામત અને વધારો | | | |
| સામાન્ય અનામત | | 60,000 | 80,000 |
| ૨. બિન ચાલુ દેવાં | | | |
| ૩. ચાલુ દેવાં | | | |
| અ. વેપારી દેવાં – લેણદારો | | 40,000 | 20,000 |

| | | | |
|---|---|---|---|
| કુલ | | 15,00,000 | 5,00,000 |
| I. મિલકતો | | | |
| ૧. બિન ચાલુ મિલકતો | | | |
| અ. કાયમી મિલકતો – પ્લાન્ટ અને યંત્રો<br>અન્ય કાયમી મિલકતો | | 5,00,000<br>5,00,000 | 1,00,000<br>1,00,000 |
| ૨. ચાલુ મિલકતો | | | |
| અ. માલસામગ્રી : સ્ટોક | | 1,40,000 | 90,000 |
| બ. વેપારી લેણાં – દેવાદારો | | 1,95,000 | 1,20,000 |
| ક. રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો– રોકડ બાકી | | 1,65,000 | 90,000 |
| કુલ | | 15,00,000 | 15,00,000 |

ઉપરની તારીખે પી લિ. વી લિ.ને નીચેની શરતોએ પોતાનામાં સમાવી લીધું:

૧. પ્લાન્ટ અને યંત્રો અને અન્ય કાયમી મિલકતો અનુક્રમે ૯૦,૦૦૦ અને રૂ.૮૦,૦૦૦માં લઈ લીધા.

૨.૧૫%ના નવા પ્રેફરન્સ દરેક રૂ.૧૦૦નો ૧૦% પ્રીમિયમે આપ્યા.

૩. રોકડા રૂ.૧,૧૫,૦૦૦ વી લિ.ના ઈક્વિટી શેરહોલ્ડરોને આપ્યા.

૪. ખરીદ કિંમતની બાકીની રકમ રૂ.૧૦ નો એક એવા ઈક્વિટી શેર રૂ.૧૫ની કિંમતે આપશે .

વિ લિ. ના ચોપડે જરૂરી ખાતાં તૈયાર કરો અને પી લિ. ના ચોપડે નવું પાકું સરવૈયું તૈયાર કરો. (Nov.2018)

૫. શાઈન લિ.નું ૩૧મી માર્ચ, ૨૦૨૫ના રોજની બાકીઓ નીચે મુજબ છે:

| જવાબદારીઓ | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| ૩,૦૦,૦૦૦ ઈક્વિટી શેર શેરદીઠ ₹ ૧૦ લેખે | ૩૦,૦૦,૦૦૦ | પાઘડી | ૮,૦૦,૦૦૦ |
| ૧૦૦,૦૦૦, ૧૦%નાં પ્રેફરન્સ શેર શેરદીઠ ₹ ૧૦ લેખે | ૧૦,૦૦,૦૦૦ | પ્લાન્ટ અને યંત્રો | ૧૪,૦૦,૦૦૦ |
| ૧૦%ના ડિબેન્ચર્સ | ૬,૦૦,૦૦૦ | ફર્નિચર | ૪,૦૦,૦૦૦ |
| પરચૂરણ લેણદારો | ૪,૦૦,૦૦૦ | પેટન્ટસ | ૯,૮૦,૦૦૦ |
| | | સ્ટોક | ૬,૧૦,૦૦૦ |
| | | પરચૂરણ દેવાદારો | ૪૦,૦૦૦ |
| | | બેંકમાં સિલક | ૪૦,૦૦૦ |
| | | ડિબેન્ચર વટાવ | ૫,૬૦,૦૦૦ |
| | | નફા-નુકસાન ખાતું | ૫,૦૦,૦૦૦ |
| | ૫૦,૦૦,૦૦૦ | | ૫૦,૦૦,૦૦૦ |

નીચેની શરતોને આધિન બાહ્ય પુનઃરચનાથી યોજના મંજૂર કરવામાં આવી :-

(૧) સન લિ. નામની નવી કંપની સ્થાપવી જેની સત્તાવાર શેરમૂડી₹ ૬૫,૦૦,૦૦૦ ₹ ૧૦ ના એક એવા ઈક્વિટી શેરમાં વહેંચાયેલી છે.

(૨) જૂની કંપનીના દરેક ઈક્વિટી શેરના બદલામાં નવી કંપનીનો એક શેર શેરદીઠ ₹ ૬ લેખે આપવો.

(૩) જૂની કંપનીના દરેક પ્રેફરન્સ શેરના બદલામાં નવી કંપનીના બે ઈક્વિટી શેર શેરદીઠ₹ ૬ લેખે આપવો.

(૪) ડિબેન્ચર હોલ્ડરોને નવી કંપનીના ૬૦,૦૦૦ ઈક્વિટી શેર પૂરા ભરપાઈ તરીકે આપવા.

(૫) લેણદારો નવી કંપની લઈ લેશે.

(૬) બાકી નહિ બહાર પાડેલ નવી કંપનીના ઈક્વિટી શેર ડિરેક્ટરોને પૂરા ભરપાઈ તરીકે આપવામાં આવ્યા.

(૭) જૂની કંપનીની બધી મિલકતો નવી કંપની લઈ લેશે, સિવાય કે પેટન્ટસ, પ્લાન્ટ-મશીનરી ₹ ૪,૨૦,૦૦૦ અને સ્ટૉક ₹ ૪,૬૦,૦૦૦ની કિંમતે લઈ લેશે.

(૮) પેટન્ટસની ઊપજ ₹ ૨૦,૦૦૦ થઈ.

(૯) વિસર્જન ખર્ચ ₹ ૨૦,૦૦૦ હતો.

શાઈન લિ.નાં ચોપડામાં જરૂરી ખાતાં તૈયાર કરો અને નવી કંપની સન લિ.નાં ચોપડામાં જરૂરી આમનોંધ આપો